આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-14-07-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

--------------------------------------------------------------------------------

# મુખ્યમંત્રી – વિકાસ સપ્તાહ લોકાર્પણ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું 2 લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું13 આ વિકાસકાર્યોમાં પાણી પુરવઠા વિભાગના ., શહેરી વિકાસ વિભાગના 11, માર્ગ અને મકાન વિભાગના 5, ગૃહ વિભાગના અને 3 1 જળ સંપત્તિ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના-વિકાસ પ્રકલ્પોનો 1 .સમાવેશ થાય છે

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્યને દેશની આર્થિક મહાસત્તા બનાવવામાં ‘વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ’ સમિટની ભૂમિકા પાયારૂપ છે .

RNU અમદાવાદ

--------------------------------------------------------------------------------

DNUBHUJ

## જિલ્લામાં વિકાસ સપ્તાહ અંતર્ગત પોષણલક્ષી કાર્યક્રમ

**રાજ્ય સરકાર દ્વારા કોઈ પણ વ્યક્તિ સેવાઓથી વંચિત ન રહે તે માટે વિકાસ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છેવિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત . આઈસીડીએસ દ્વારાજિલ્લાના આંગણવાડી કેન્દ્રો ખાતે વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જે અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું .તેમજ કુપોષણને ઘટાડવા માટે ગૃહ મુલાકાત દ્વારા સગર્ભા માતાઓને કેવા પ્રકારનો ખોરાક લેવો તથા માતૃશક્તિના પેકેટથી થતો લાભ વગેરેની જાણકારી આપવામાં આવી હતીપોષણલક્ષી કાર્યક્રમ અંતર્ગત . નખત્રાણા ખાતે પોષણ જાગૃતિ અંગે પોષણ સ્ટોલનું આયોજન" કરવામાં આવ્યું હતું તથા બાળકોનું ગ્રોથ મોનીટરીંગ અને જોખમી સગર્ભાની ગૃહમુલાકાત કરી તેની માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.**

**મા.ખા**

---

## રાપર ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી

રાજ્યમાં ચાલી રહેલી વિકાસ સપ્તાહ અંતર્ગત રાપર નગરપાલિકા દ્વારા વિવિધ પ્રવૃત્તિ કરીને વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં નગરપાલિકા કર્મયોગીઓ દ્વારા ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતીઆ સાથે વિકાસ પદયાત્રાનું આયોજન કરવામાં . આવ્યું હતુંજેમાં વિવિધ . યુવાવર્ગની .જગ્યાએ યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા જેમાં .સહભાગીતા માટે શાળામાં ચિત્ર સ્પર્ધા તથા સ્વચ્છતા રેલી યોજાઇ હતી બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો સાથે શહેરના મહત્વના સ્થળોને રોશનથી રાપ .શણગારવામાં આવ્યા હતાર સુધરાઇ દ્વારા વેસ્ટ ટુ બેસ્ટ ઇવેન્ટના આયોજન સાથે શહેરમાં જુદા જુદા સ્થળોએ ભીંતચિત્રો દોરવામાં આવ્યા હતા.

**મા.ખા.**

---

## ખડીર ખાતે બેટી બચાઓ બેટી પઢાઓની ઉજવણી

બેટી બચાઓ બેટી પઢાઓ યોજના હેઠળ કિશોરીઓમહિલાઓના / શિક્ષણ, પોષણ, કાનૂની અધિકારો તેમજ સ્વાસ્થ્ય સબંધિત બાબતો આવરી લેવામાં આવતી હોય છેત્યારે ભચાઉ તાલુકાના ખડીર બેટ વિસ્તારમાં ગણેશપર . ગામે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ સપ્તાહની ઉજવણી તથા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અન્વયે એક નવતર પહેલના ભાગરૂપે ગામની ૬ મહિના સુધીની ૭ નવજાત દીકરીઓને કુમકુમ તિલક વડે દીકરી પૂજન અને દરેક દીકરીઓને દીકરી વધામણા કીટવ્હાલી દીકરી યોજનાના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું , .હતું

મા.ખા.

---

## સ્વચ્છતા હી સેવા અંતર્ગત સઘન સફાઈ કામગીરી

**સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ શહેર તથા ગ્રામ્યકક્ષાએ કચ્છ જિલ્લામાં સઘન સફાઇ કામગીરી કરવામાં આવી રહી છે.**

**રાપર, ભચાઉ તથા માંડવી નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ શહેરમાં રાત્રિ તથા દિવસના જાહેર ચોક, રસ્તા, સર્કલ, કચરાના પોઇન્ટ, ગલી વગેરેની સફાઇ કામગીરી કરવામાં આવી હતીઆ સાથે ગ્રામ્યકક્ષાએ . જનભાગીદારી સાથે સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે જેમાં ખારોઇ, બાલાસર, દુર્ગાપુર વગેરે ગામમાં જાહેર સ્થળો તથા રસ્તા, ચોક ,શેરી વગેરેની સફાઇ કરાઇ હતી જેમાં ઉકરડા સહિત કચરાનો .યોગ્ય નિકાલ કરીને ગામોને સ્વચ્છ કરવામાં આવ્યા હતા.**

મા.ખા

---

## નર્મદા મુખ્ય કેનાલમાં પાણી છોડવામાં આવ્યું

નર્મદા કેનાલ છેલ્લા 20 દિવસથી મરામત અને સફાઈ માટે બંધ રખાઈ હતી. જેને પગલે કેનાલમાં પાણી વિતરણ બંધ રહેતા વાગડ વિસ્તારના ખેડૂતોને ખરીફ પાકના સિંચાઈ માટે પાણીની તંગી વર્તાઈ રહી હતી. દરમિયાન ખેડૂતોની માંગને ધ્યાનમાં લઈ નર્મદા વિભાગ દ્વારા આજે મુખ્ય સંપ હાઉસ ખાતેથી પાણી છોડવામાં આવ્યું હતું. જે આગામી બે દિવસમાં રાપરના ફતેહગઢ સંપ હાઉસમાં દાખલ થશેકેનાલમાં પાણી વિતરણ કરાયું હોવા .ના સમાચારથી ખેડૂતોમાં ખુશી ફેલાઈ છે.

N.P

---

## જિલ્લામાં વરસાદ

સામાન્ય રીતે રાજ્યમાં નવરાત્રિ આસપાસ ચોમાસુ વિદાય લઈ લેતું હોય છેપરંતુ ., ચાલુ વર્ષે નવરાત્રિ બાદ અનેક વિસ્તારમાં અષાઢી માહોલ જામ્યો છે. ત્યારે જિલ્લામાં આજે પણ માંડવી તાલુકાના જખણિયામાંડવી સહિત ,લાયજા , આસપાસના વિસ્તારો મુંદરા તાલુકાના પ્રાગપર સહિતના વિસ્તારો તેમજ અબડાસા તાલુકાના ડુમરા આસપાસના વિસ્તારોમાં આજે બપોરે વરસાદી ઝાપટા થયાહોવાના અહેવાલ સાંપડ્યા છે .

દરમિયાન રાપર તાલુકાના બેલાથી દલાભાઈ રૂપાણી દ્વારા ફોન પર જણાવાયા અનુસાર ગત રાત્રે પવન સાથે વરસેલા વરસાદના પગલે ખેતરોમાં ઉભેલા બાજરીતો કાપણી કરીને .મગના મોલને નુકશાન થયું હતું ,જુવાર , રાખેલો ઘાસચારો પલળી જતાં નુકશાની વેઠવાનો વારો આવ્યો છે.

N.P/ કલ્પના શાહ

---